અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૬-૧-૨૦૨૪ શનિવાર

અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૬૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ માગસર વદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૧૨૫

ચલાલાના પાદરગઢમાં ૨૧ લાખની ખંડણી માંગી (૪)

લગ્નગ્રંથીથી જોડાયા છીએ

આથી અમો નીચે સહી કરનાર મકવાણા રાહુલ હિંમતભાઈ રહે.ડેડાણ અને ગુજરીયા હેમલબેન રામભાઈ રહે.ડેડાણવાળા અમારી રાજી ખુશીથી તા.૪-૧-૨૦૨૪ ના રોજ ભાવનગર ખાતે લગ્નગ્રંથીથી જોડાયા છીએ. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

સહી.મકવાણા રાહુલ હિંમતભાઇ
ગુજરીયા હેમલબેન રામભાઇ

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જિસ દિન હમ યે *સમઝ* જાયેંગે કિ સામને વાલા *ગલત* નહીં હૈ સિર્ફ ઉસકી *સોચ* હમસે અલગ હૈ ઉસ દિન *જીવન* સે *દુઃખ* સમાપ્ત હો જાયેંગે।
લાઇવ ૨૨ કેરેટ દાગીનાનો ભાવ જાણવા મીસ કોલ કરો
9.555811166
એ-૧૯, ઈન્દિરા માર્કેટ, અમરેલી
ph.No.(02792)223770/2268868



અમરેલી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઇસ્કુલને નેશનલ કક્ષાનો ગોલ્ડ મેડલ અપાયો

જીજીબેન ફોરવર્ડ હાઇસ્કુલનું ગૌરવ વધાર્યું

અમરેલી,તા.૩૦ ડીસેમ્બરે છત્તીસગઢમાં નેશનલ મેથ કન્વેન્શન યોજાયેલ અમરેલી જીજીબેન ફોરવર્ડ હાઇસ્કુલની વિદ્યાર્થીનીઓ ચાંપાનેરી નિત્યા, બોદર પ્રિસીયા શાળામાં ગણીત વિજ્ઞાન શિક્ષક એનએન જાલાનાં માર્ગદર્શન નીચે તૈયાર કરેલ ગણીત મોડલનેદેશનાકર્ણાણીતાવૈજ્ઞાનીકોકાઘર

(અનુ. પાના નં.૫)



Up to 50% off* SALE
JADE BLUE
Formals, Casuals & Club Wear for men.
INDIA'S LEADING PREMIUM MENSWEAR STORE
ATTRACTIVE OFFERS ON INTERNATIONAL AND NATIONAL BRANDS.
JACK&JONES celio* U.S. POLO ASSN. UNITED COLORS OF BENETTON.
spykar JADE BLUE SPORT MUFTI greenfibre
INDIAN TERRAIN METAL JB Studio WYRE MODI KURTA & JACKET
Bhavnagar: Sumeru Corporate, Waghavadi Road, 0278-2571433
Shop online on jadeblue.com and shop for festive kurta collection at thekurtacompany.com
*Offer only on select brands and merchandise. *Offer not applicable on fabric and ethnic wear. *T&C Apply
FLS0124

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
અમરેલીમાં ખાસ કેમ્પ
zydus Hospitals

સિનિયર મેડીકલ ઓન્કોલૉજીસ્ટ અને હિમેટોલૉજી
ડૉ. મનોહર ચારી
MD, DM, ECMO
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર:
• મોંઢા અને ગળાના કેન્સર
• ફેફસાનાં કેન્સર • સ્તન કેન્સર
• મગજમાં ગાંઠ
• આંતરડા તથા મળમાર્ગના કેન્સર
• લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર
• ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર
• ચામડી, હાડકાના કેન્સર, સારકોમા

સિનિયર હેડ એન્ડ નેક કેન્સર સર્જન
ડૉ. સિદ્ધાર્થ શાહ
MS, M.Ch
લક્ષણો:
• ઓરલ કેન્સર-નિદાન, સારવાર, માર્ગદર્શન (Second opinion)
• થાઇરોઇડ અને પેરાથાઇરોઇડ ગાંઠની સ્કારલેસ સર્જરી
• ગળામાં ગાંઠ-નિદાન અને સારવાર
• અવાજમાં બદલાવ (સ્વરપેટીમાં ગાંઠ/મસા)
• ગળામાં ખોરાક ઉતરવામાં તકલીફ / ગાંઠ
• નાક-સાઇનસમાં ગાંઠ (એન્ડોસ્કોપીક સર્જરી)

મગજના રોગોના નિષ્ણાંત
ડૉ. સાગર ઘોડાસરા
MS, DNB (Neurosurgery)
મગજને લગતી બિમારીઓ જેમ કે,
• બ્રેન ટ્યુમર (મગજની ગાંઠ), એન્ડોસ્કોપી
• મિનીમલ સર્જરી • ક્રોડસ્પજુના મણકાની સર્જરી, સ્લિપ ડિસ્કની અને કમરના દરેક દર્દોની સારવાર
• ચીરા વગરની સ્ટ્રોકની સર્જરી • વાઈ અને ખેંચની સર્જરી • એન્ડોવાસ્કયુલર ન્યુરોઈન્ટરવેન્શન
• નાનામાં નાના ચીરા થી સ્પાઈન અને ટ્યુમરની સર્જરી

લોહીની નળી સંબંધિત રોગોના નિષ્ણાંત
ડૉ. દિવ્યેશ દદાણિયા
MD, DM,
લોહીની નળી સંબંધિત રોગોની સર્જરી વગર સારવાર:
• વેરીકોઝ વેન • પ્રોસ્ટેટ વૃદ્ધિ • પગની નસોના રોગો (ગેંગરીન, ડાયાબિટીક ફુટ, અલ્સર)
• લીવરમાં ગાંઠ • થાઈરોઈડનો સોજો • ગર્ભાશયમાં ગાંઠ
• સાંધામાં દુઃખાવો

07-01-2024 (રવિવાર) | સવારે 09:30 થી 12:30
નવજીવન જનરલ હૉસ્પિટલ
નાગરિક બેંકની બાજુમાં, કેરીયા રોડ, અમરેલી
તપાસ ફી: ₹ 300/-
રજીસ્ટ્રેશન માટે સંપર્ક: +91 (02792) 222223 / 9978223000
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ-54. | નં.: 079 66190300
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

ભગવાન સૌનું ભલુ કરો...

– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી મંત્રીના નેતૃત્વમાં આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લાના ઉપપાડા ફિશિંગ હાર્બર પહોંચેલ સાગર પરિક્રમાનું ભવ્ય સ્વાગત

વિશાખાપટ્ટનમમાં માછીમારો સાથે સંવાદ કરતા શ્રી રૂપાલા

PMMSYનો ઉદ્દેશ્ય જળચર ઉછેરની આધુનિક ટેકનોલોજીમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓથી માછલીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાનો છે : કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા

પ્રગતિશીલ માછીમારો, યુવા મત્સ્યઉદ્યોગ સાહસિકો, મહિલા માછલી ખેડૂતોને આઈસબોક્સ સાથેના ટુ-વ્હીલર, ફોર-વ્હીલર વાહનો, પ્રમાણપત્રો/મંજૂરી, કિસાન ક્રેડિટ કાર્ડને એનાયત

દિલ્હી,(પીઆઈબી) કેન્દ્રીયમત્સ્યોદ્યોગ,પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા અને રાજયમંત્રી ડો. એલ મુરુગન સાથે આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લાના ઉપપાડા ફિશિંગ હાર્બર ખાતે સાગર પરિક્રમાનું ચોથા દિવસે નેતૃત્વ કર્યુંહતુ. શ્રી રૂપાલાએ ઈવેન્ટ દરમિયાન લાભાર્થીઓ સાથે ચર્ચાવિચારણા કરીઅન્યમહાનુભાવોસાથેવિશાખાપટ્ટનમ ફિશિંગ હાર્બર ખાતે વિશાખાપટ્ટનમના માછીમારો, દરિયાકાંઠાના સમુદાયો અને હિતધારકોસાથેવિવિધમત્સ્યોદ્યોગસંબંધિત યોજનાઓ અને કાર્યક્રમો જેમ કે PMMSY, ની માહિતી પ્રસારિત કરવા માટે સંપર્ક કર્યો હતો આ ઈવેન્ટ દરમિયાન પ્રગતિશીલ માછીમારો, યુવા મત્સ્યઉદ્યોગ સાહસિકો, મહિલા માછલી ખેડૂતો વગેરેને આઈસબોક્સ સાથેના ટુ-વ્હીલર વાહનો, આઈસબોક્સ સાથેના ફોર-વ્હીલર, જીવંત માછલી વેન્ડિંગ યુનિટ), પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના સંબંધિત પ્રમાણપત્રો/મંજૂરી, કિસાન ક્રેડિટ કાર્ડને એનાયત કરવામાંઆવ્યા હતા.

શ્રી પરષોત્તમ રૂપાલાએ એમ પણ કહ્યું હતું કે PMMSY યોજનાની પ્રવૃત્તિઓ હાથ ધરવાથી ભારતમાં મત્સ્યઉદ્યોગ ક્ષેત્ર પર નોંધપાત્ર અસર પડશે. તેમણે કહ્યું કે આ યોજનાનો ઉદ્દેશ્ય માછીમારી સાહસિકો, મહિલા માછલી ખેડૂતો વગેરેને આઈસબોક્સ સાથેના ટુ-વ્હીલર વાહનો, જીવંત માછલી વેન્ડિંગ યુનિટ) અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવીને માછલીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાનો છે. શ્રી રૂપાલાએ માહિતી આપી હતી કે ભારત સરકાર તરફથી આંધ્રપ્રદેશને સૌથી વધુ સહાય મળી છે. તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશમાં સાગર પરિક્રમા દરમિયાન તમામ સ્થળો અને માછીમારી સમુદાયના લોકોને આવરી લેવામાં આવ્યા છે. ઈવેન્ટના તમામ સ્થળોએ મહિલાઓની ભાગીદારી ખૂબ જ વધારે હતી. વધુમાં, તેમણે કહ્યું કે મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર સહિત અને જળચરઉછેરની આધુનિક ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવીને માછલીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાનો છે. શ્રી રૂપાલાએ માહિતી આપી હતી કે ભારત સરકાર તરફથી આંધ્રપ્રદેશને સૌથી વધુ સહાય મળી છે. તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશમાં સાગર પરિક્રમા દરમિયાન તમામ સ્થળો અને માછીમારી સમુદાયના લોકોને આવરી લેવામાં આવ્યા છે. ઈવેન્ટના તમામ સ્થળોએ મહિલાઓની ભાગીદારી ખૂબ જ વધારે હતી. વધુમાં, તેમણે કહ્યું કે મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર સહિત જીવનનાતમામક્ષેત્રોમાંઆગળઆવવામાટે મહિલાઓનેજરૂરીઆમતઆપવામાંઆવી છે.શ્રી એસ. અપ્પલા રાજુ, આંધ્ર પ્રદેશના મત્સ્યોદ્યોગ મંત્રી, શ્રીમતી નીહારીમાવી. ગીતા, સંસદ સભ્ય શ્રી પેન્નેમ દોરાબાબુ, પીઠાપુરમના ધારાસભ્ય, શ્રીમતી. નીતુ કુમારીપ્રસાદ, સંયુક્તસચિવઅનેઅન્યજાહેર સત્તાવાળાઓએ પણ આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરીજિલ્લાનાઉપપાડાફિશિંગહાર્બરની મુલાકાત લીધીહતી. કાર્યક્રમનોચોથોદિવસ અભૂતપૂર્વસફળરહ્યોહતો.આશરે ૮,૪૦૦ લોકોએહાજરી આપીહતી.

વાયબન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવા દ્રષ્ટીવંત આયોજનો થકી જ

આજે ગુજરાત ભૌગોલિક સ્થિતિએ નાનું હોવા છતાં નિકાસમાં તેનો હિસ્સો ૩૩ ટકા : ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત

અમૃત કાળમાં યોજાઇ રહેલી વાયબન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિકસિત ભારત૨૦૪૭ના સંકલ્પનો રોડ મેપ તૈયાર કરશે

ગાંધીનગર,ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રીહતા ને સમયગાળાદરમિયાનતેમનાદૃષ્ટિવંતનેતૃત્વમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પરિકલ્પના થઈ અને વર્ષ ૨૦૦૩માં પ્રથમ સમિટ યોજાઈ હતી. બે દાયકાઓમાં ગુજરાત માત્ર ભારતમાં જ નહિ વિશ્વભરમાં વિકાસનું રોલમોડલઅનેરોકાણકારોમાટેપસંદગીનુંસ્થળ બન્યું છે.ઉદ્યોગવિભાગનાઅધિકમુખ્યસચિવ શ્રી એસ જે હૈદરે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪ની વિસ્તૃત વિગતો આપતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં યોજાઈ રહેલી આઝાદીના અમૃતકાળની આ વાઈબ્રન્ટ સમિટ 'વિકસિત ભારત ૨૦૪૭'નો રોડ મેપ તૈયાર કરશે. આ પ્રસંગે ઉદ્યોગ કમિશનર શ્રી સંદીપ સાગલે, ઈન્ડેક્ટ-બી મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગૌરાંગ મકવાણા તેમજ ઉદ્યોગ વિભાગના અધિક કમિશનર શ્રીકુલદીપઆર્યઉપસ્થિતરહ્યાહતા.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના ભાગરૂપે

ગાંધીનગરમાં ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન કન્ટ્રી અને સ્ટેટ સેમિનારનું આયોજન કરાયું

ગાંધીનગર,GMDCનામેનેજીંગડિરેક્ટર IAS શ્રી રુપવંત સિંહએ જણાવ્યુ હતુ કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ માટેગુજરાતસજ્જછે. ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સેમિનાર હોલ-૨ માં કન્ટ્રીઅનેસ્ટેટ સેમિનાર યોજાશે. ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે મેન્યુફેક્ચરિંગઅનેસર્વિસ સેક્ટરમાં કન્ટ્રી અને સ્ટેટ સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન ૨૫ દેશો, ૧૦ સંસ્થાઓ અને ૯ રાજયો દ્વારા કુલ ૩૮ સેમિનારોનુંઆયોજનકરવામાંઆવ્યુંછે.આ કન્ટ્રી અને સ્ટેટ સેમિનારોમાં ભારત સરકારના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહકબાબતો, ખાદ્યઅનેજાહેર વિતરણઅને કાપડ મંત્રી શ્રી પિયુષ ગોયલ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત સરકારના નાણા તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ગુજરાત સરકારના માનનીય ઉદ્યોગ, નાગરિકઉડ્યન, ખાદીઅનેગ્રામોદ્યોગતેમજ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, ગુજરાતસરકારનાસુશ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના રાજયમંત્રી શ્રી જગદીશ પંચાલ અને ગુજરાત સરકારના ઉદ્યોગ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે.

સેવાને સરનામે – ઉમળકા સાથે ઓઈલ મિલ એસોસિએસનની સમગ્ર ટીમે શુભેચ્છા મુલાકાત લીધી

અમરેલી સારહી તાપોવન આશ્રમને શ્રી જયંવતભાઇ ફીણાવાએ ૧૧ લાખ અને કાળુભાઇ ભંડેરીએ ૧૧ લાખનું દાન આપ્યું

સારહી તપોવન આશ્રમનાં શ્રી મુકેશભાઇ સંઘાણીએ આભારની લાગણી વ્યક્ત કરી

અમરેલી,

સારહી તપોવન આશ્રમ ની શુભેચ્છા મુલાકાતે પધારેલ સંસ્થા ની પ્રગતિ થી પ્રભાવિત થઈ ને ઉદ્યોગ અગ્રણી શ્રી જયવંતભાઈ (જયલાભાઈ) ફિણાવા તરફ થી અગ્યાર લાખ, રૂપિયા તથા શ્રી કાળુભાઈ ભંડેરી, તરફ થી અગ્યાર લાખ રૂપિયા સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમ નાં નિર્માણ કાર્ય માટે તા. ૦૪/૦૧/૨૦૨૪ નાં રોજ અનુદાન આપેલ સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી.

આ તકે સારહી પરિવાર વતી સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન - દ્રષ્ટા લોકસેવક શ્રી મુકેશભાઈ સંઘાણી, અમર ડેરી નાં ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા,શ્રી વજુભાઈ પટેલ, નગર પાલિકા નાં પૂર્વ કારોબારી ચેરમેન શ્રી સુરેશભાઈ સેખવાં, અમરેલી શહેર ભાજપ મહામંત્રી શ્રી રાજેશભાઈ માંગરોલિયા,શિક્ષણ સમિતિનાચેરમેનશ્રી તુષારભાઈ જોશી, ડિસ્ટ્રિક્ટ ચેમ્બર શ્રી ભગીરથભાઈ ત્રિવેદી, નગરપાલિકાનાંપૂર્વ પ્રમુખ પ્રતિનિધિ શ્રી ચંદુભાઈ રામાણી સહિતનાં પદાધિકારીશ્રીઓઉપસ્થિતરહ્યાં હતાં.

જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ કિર્તીભાઇ બી.પરમાર રહે.રાજુલા તે લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ / વાકિફ કરૂ છુ કે, અમારી પાસેથી અમારા અસીલ કોટીલા ચંપુભાઇ ટપુભાઇ જાતે કાઠી દરબાર રહે.રાજુલાવાળા ની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

મોજે રાજુલા મુકામે આવેલ સીમતળની સર્વે નંબર ૩૮૫ પૈકી જમીન બિનખેતીમાં ફેરફાર કરેલ અને તેમાં રહેણાંકના પ્લોટો પાડવામાં આવેલ તે પ્લોટો પૈકી પ્લોટ નં.૧૮ તથા નં.૧૯ આવેલા છે તેના માલીક તરીકે હાલમાં કોટીલા ચંપુભાઇ ટપુભાઇ કોટીલાના નામે ચાલે છે.

સદરહુ ઉપરોકત જણાવેલ મિલ્કત અમારા અસીલ કોટીલા ચંપુભાઇ ટપુભાઇ જાતે કાઠી દરબાર રહે.રાજુલાવાળાએ ત્રિવેણીબેન ત્રિભોવનભાઇ ગાંધી તથા મહેશચંદ્ર ત્રિભોવનભાઇ ગાંધીના કુલમુખત્યાર ત્રિભોવનભાઇ દામોદરદાસ ગાંધી પાસેથી ખરીદ કરેલ છે જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ અનુ. નં.-૧૮૭૮ તા.૦૯-૧૨-૧૯૮૦ નો સબ રજીસ્ટ્રાર સાઢેબની કચેરીમાં નોંધાયેલ છે. જે સમયે સદરહુ વેચાણમાં સમાયેલ કુલમુખત્યારનામું ઉપરોકત વેચાણ સમયે અસ્તિત્વમાં હતુ જે હાલમાં અસલ મુખત્યારનામું કે તેની નકલ અમારા અસીલ દ્વારા અનેક શોધખોળ કરવા છતા પણ મળી આવેલ નથી. અમારા અસીલ કોટીલા ચંપુભાઇ ટપુભાઇ રહે.રાજુલાવાળાએ ઉપરોકત દર્શાવેલ મિલ્કત સંદર્ભે અમારી પાસે ટાઇટલ કલીયર રીપોર્ટ માંગેલ છે. તો ઉપરોકત મિલ્કતમાં કોઇ ઇસમ / વ્યકિતનું કે કોઇ નાણાકીય સંસ્થા કે સહકારી કે અર્ધ સરકારી - અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઇની પાસે ગીરો થયેલ હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી.થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ ની અંદર લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એડી. થી જણાવવુ અન્યથા તે કોઇને હરકત, વાંધ, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેશ્ય) કરેલ છે તેમ માની અને અમારા તરફથી ટાઇટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઇચ્છુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઇ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ : રાજુલા
તારીખ : ૦૫-૦૧-૨૦૨૪

કિર્તીભાઇ બી.પરમાર એડવોકેટ એન્ડ નોટરી
જાફરાબાદ રોડ, હોટલ પ્રેસિડેન્ટ (તા.રાજુલા, જી.અમરેલી)

Sheetal
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
ON ORDER OF ANY PIZZA
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli. 10:00am to 11:00pm

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ ક્લેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ અમે સસ્તી નહીં શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
100% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

મકાન વેચવાનું છે

વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ખાતે ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)

સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

અમારા કમી (કેરાળા) ગામમાં કોઇને ચશ્મા, મોતીયો - વેલ - છારી વગેરે તકલીફો થતી નથી કારણકે અમુક કુદરતી ઉપાયોથી ઠીક કરી આપીએ છીએ અહીં અમરેલીમાં પણ આજ વસ્તુ કરવા માંગીએ છીએ મળો અમારા ડ્રાઇવરને.... સ્થળ : રામજી મંદિર સમય : સવારે ૯:૦૦ થી ૯:૩૦

લી. વિનુભાઇ છાશવાળા
મો.૯૬૬૪૬ ૮૯૮૬૬, ૯૯૦૪૮ ૨૪૩૧૪

સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સનું ઉત્પાદન
ઘઉંના પાપડ
ચોખાના પાપડ
જીરૂ - મસાલાવાળા મળશે
સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સ
ટાવર પાસે, અમરેલી મો.૯૮૭૯૨ ૩૪૩૨૨

બેન્ડ પાર્ટીનો સામાન વેચવાનો છે

એમ્પલીફાયર, માઇકોફોન, યુકો, સ્ટેરીંગવાળી લારી નતનવા ડ્રેસ, બેન્ડ પાર્ટી માટે તેમજ બેન્ડને લગતો સામાન વ્યાજબી ભાવે વેચવાનો છે

સંપર્ક : ઇબ્રાહીમભાઇ મો.૯૯૨૫૪ ૬૪૪૬૭
ચાંદની ચોક, અમરેલી

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ ઓનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂ.૬૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૬૧

FASTAG Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

મહાદેવ ટ્રાવેલ્સ

ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ ડેઇલી સર્વિસ
AC 2 x 1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોગ પીઠાની બાજુમાં
પિન્ટુ તળાવીયા : મો.૭૦૪૬૪ ૬૪૪૧૦

શ્રી ચામુંડા લેન્ડીંગ વર્ક
અમારે ત્યાંથી કબાટ, કોથલા, પટારા, ડેલા, બારી - બારણા, રેડીમેન્ટ તથા ઓર્ડર ઉપર બનાવી આપીશું
પ્રવિણભાઇ સરપેયા મો.૭૦૪૬૫ ૩૪૫૮
મુ.ગાડુડા (રામજી મંદિર પાસે) તા.ખાંભા, જી.અમરેલી

અમરેલીમાં શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ અમરેલી સ્થિત ગજેરા શૈક્ષણિક સંકુલની વિદ્યાર્થિનીઓને જીવન મૂલ્યોના પાઠ શીખવાડ્યા

અમરેલીમાં વિદ્યાર્થીનીઓને સંબોધતા શિક્ષણમંત્રી શ્રી પાનસેરીયા

શ્રી શાંતાબેન હરિભાઇ ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે તા. ૭ સુધી કાર્યક્રમો

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામ, અબ્રાહમ લિંકન વેગેરે મહાનુભાવોના જીવનના દ્રષ્ટાંત આપી વિદ્યાર્થિનીઓને પ્રેરણા આપતા શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી

શિક્ષણમાં ભગવદ ગીતાના પાઠ દાખલ કરવા બદલ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરતા શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી

અમરેલી , વિદ્યાર્થી જીવનમાં શિક્ષણ સાથે મૂલ્યોનું મહત્વ સમજાવવાના હેતુથી અમરેલીસ્થિત શાંતા બા ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયેલા સમારોહમાં શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ ધો.૧૧ અને ધો.૧૨ની વિદ્યાર્થિનિઓ સાથે શૈક્ષણિક અને જીવન ઘડતર બાબતે મુક્તમને સંવાદ કર્યોહતો. મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં તેજસ્વિતા, વિનમ્રતા, આદર અને કેળવણી યુક્ત શિક્ષણ પ્રાપ્ત કરી મૂલ્ય આધારિત જીવન જીવવાનો અનુરોધ કર્યો હતો. તેમણે વિદ્યાર્થિનિઓને જીવન મૂલ્યોના પાઠ શીખવાડતા ભગવદ ગીતાના વિવિધ અધ્યાય અને શ્લોકો તેમજ તેના અર્થ સમજાવ્યા હતા. તેમણે પ્રેરણા પૂરી પાડતા જણાવ્યુ કે, જીવન જીવવા માટે રોજગાર લક્ષી શિક્ષણ જ પૂરતું નથી. શિક્ષણ સાથે જીવનમાં કેળવણી સાથે મૂલ્યનિષ્ઠતા પણ આવશ્યક છે. ભગવદ ગીતાનો સાર અને તેના મૂલ્યો નિરાશા, હતાશા અને જીવનના અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરવા ઉપયોગી છે. આપણા પ્રાથમિક શિક્ષણમાં મુખ્યમંત્રીશ્રીના અથાગ પ્રયાસો અને પ્રયત્નો દ્વારા ધો.૦૬-ધો.૦૮માં ભગવદ ગીતાના પાઠ દાખલ કરવામાં આવ્યા છે. ભાગ બે માધ્યમિક શિક્ષણમાં અને ભાગ ત્રણ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં દાખલ કરવામાં આવશે. વિદ્યાર્થીકાળમાં સેવેલા સ્વપ્નોને સાકાર કરવા માટે તેજસ્વિતા, વિનમ્રતા, આદર અને કેળવણી જેવા ગુણા કેળવવા જરુરી છે. મંત્રીશ્રીએ નવી શિક્ષણ પદ્ધતિ વિશે વિદ્યાર્થિનિઓને જણાવ્યુ કે, પુરાતન સમયે ભારત નું શિક્ષણ શ્રેષ્ઠ હતું, સમયાંતરે તેમાં પરિવર્તન આવ્યું હતું. નવી શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને મુક્તમને વિષયાંતર સાથે અભ્યાસ કરવાની તક મળશે. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના નિયામકો, સંચાલકો, ટ્રસ્ટીગણ અને અગ્રણીઓ દ્વારા શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાળાના શિક્ષકો, વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

'વસુધૈવ કુટુંબકમ' થીમ સાથે મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરનાં અધ્યક્ષ સ્થાને

અમરેલીમાં રાજ્યકક્ષા કલા ઉત્સવનો શુભારંભ

મંત્રીશ્રી કબીરભાઇ ડીંડોર અને પ્રફુલભાઇ પાનસેરીયાની ઉપસ્થિતિમાં બાળકોને કીટ આપી સન્માન કરાયું

અમરેલી, ગુજરાત રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને અને રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી સ્થિત વિદ્યાસભા સંકુલ ખાતે શિક્ષણ વિભાગ જી.સી.ઈ.આર.ટી-ગાંધીનગર પ્રેરિત અને અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય રાજકક્ષા કલા ઉત્સવ કાર્યક્રમ-૨૦૨૪ નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. 'વસુધૈવ કુટુંબકમ' થીમ આધારિત કાર્યક્રમમાં ચિત્રકલા, કાવ્યરચના, ગાયન અને વાદન સહિત રાજ્યકક્ષાની વિવિધ કલાઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ત્રણ દિવસ સુધી ઝોન કક્ષાની વિવિધ સ્પર્ધામાં વિજેતા કલાકારો રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. કલા ઉત્સવ વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કળા અને પ્રતિભાને બહાર લાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમની સર્જનાત્મકતા અને મૌલિકતાની અભિવ્યક્તિ માટેની ઉમદા તક પૂરી પાડે છે. અગાઉ ધો. ૬ થી ધો. ૧૨ સુધીમાં વિવિધ લક્ષ્ય જૂથ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનુ આયોજન શાળા કક્ષાએથી ઝોન કક્ષા સુધી હાથ ધરવામાં આવ્યું હતું. વિજેતા સ્પર્ધકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં રાજ્યકક્ષાના કલા ઉત્સવના બાળ કલાકારોને કિટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કલા ઉત્સવ-૨૦૨૪ ઉદ્ઘાટન કાર્યક્રમ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિનેશ ગુરવ, અધિક નિયામક શ્રી જીસીઈઆરટી ગાંધીનગર ડી.એસ.પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી, વિદ્યાસભા કેમ્પસ ડિરેક્ટર શ્રી પોલાણી, જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ, કલા ઉત્સવના સ્પર્ધકો, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રોફેસરશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

VGGS: વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ દરમિયાન

૧૧ જાન્યુઆરીના રોજ રિન્યુએબલ એનર્જી - પાથવે ટુ એ સસ્ટેનેબલ ફ્યુચર પર સેમિનાર યોજાશે

ગાંધીનગર, ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્રસચિવશ્રીમની મમતા વર્મા (IAS)એ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ દરમિયાન ગાંધીનગરમાં મહાત્મા મંદિરના સેમિનાર હોલ-૪ ખાતે ૧૧ જાન્યુઆરીના રોજ રિન્યુએબલ એનર્જી - પાથવે ટુ એ સસ્ટેનેબલ ફ્યુચર થીમ આધારિત સેમિનારનું આયોજન કરવામાં આવશે. કોન્ફરન્સમાં અન્ય વક્તાઓમાં ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સના ડાયરેક્ટર જનરલ શ્રી અજય માથુર, નેશનલ રિન્યુએબલ એનર્જી લેબોરેટરીના લેબોરેટરી ડાયરેક્ટર શ્રી માર્ટિન કેલર, ઈનોવેટીવ વિન્ડ એનર્જી ઈન કોર્પોરેશનના સ્થાપક અને પ્રમુખ શ્રી પ્રમોદ જૈન, ડેનમાર્કના ફ્રાંડર વિન્ડ એન્ડ રીન્યુએબલ એનર્જીનાં બર્ઈના સેક્રેટરીએટના વડા શ્રી અલ્પ ગુનેસેવર, અને ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી (IRENA)ના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ સુશ્રી ગીરીસિંઘનો સમાવેશ થાય છે.

૧૨ જાન્યુઆરીના 'ગુજરાત- ધ ગ્રીન હાયડ્રોજન ડેસ્ટિનેશન ઓફ ઇન્ડિયા' ની થીમ પર

ગ્રીન હાયડ્રોજન, રિન્યુએબલ એનર્જી સેક્ટર, રાઉન્ડ ધ ક્લોક ક્લીન એનર્જીની થીમ પર સેમિનાર

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ૨ સેમિનારનું આયોજન

ગાંધીનગર,ગુજરાત સરકારના એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા (IAS) એ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ દરમિયાન ૨ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. 'ગુજરાત- ધ ગ્રીન હાયડ્રોજન ડેસ્ટિનેશન ઓફ ઇન્ડિયા' અને 'વોટ્સ ટુ ગીગાવોટ્સ- ટુ મીટ રાઉન્ડ ધ ક્લોક ક્લીન એનર્જી'ની થીમ પર આધારિત આ બંને સેમિનાર ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૧૨ જાન્યુઆરીના રોજ અનુક્રમે સેમિનાર હોલ-૪ અને ૩માં યોજાશે.

અવસાન નોંધ

દામનગર

નાનાભાઈ ભરવાડ (ભોરીંગડા.) મોંઘીબેન સોંડાભાઈ કસોટીયા (ઉ. વ.- ૮૦) તે ચોથાભાઈ, પાતાભાઈ, મેરાભાઈ અને બાઘાભાઈના માતુશ્રી તેમજ ભુરાભાઈ હાજાભાઈ સાસલા (દામનગર.) અને રામભાઈ હાજાભાઈ સાસલા (દામનગર - સુરત) ના ફઈનું તા.૦૪-૦૧-'૨૪ ને ગુરૂવારના રોજ ભોરીંગડા (તાલુકો - લીલીયા) મુકામે અવસાન થયેલ છે.

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાભ ડેમો નિહાળવા આજે જ પધારો
ડિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ



(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૯૯ ૪૩૬૪૪

અર્બન હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર માટે મકાન ભાડે જોઈએ છે

આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, અમરેલી દ્વારા અમરેલી નગરપાલિકા વિસ્તારમાં અર્બન હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર ફરવાનું થાય છે. જે માટે નીચે મુજબની વિગતે મકાન ભાડેથી રાખવાની જરૂરીયાત ઉભી થયેલ છે તો મકાન ભાડે આપવા માંગતા ઈચ્છુક મકાન માલિકોએ નીચેની શરતો/વિગતોને ધ્યાને લઈ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા નીચે જણાવેલ સરનામે અરજી સ્વ-ખર્ચે મોકલી આપવાની રહેશે.

અરજી મોકલવાનું સરનામું : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર અમરેલી-૧, લક્ષ્મી ડાયમંડ ગ્રાઉન્ડ ફ્લોર, સરદારનગર શેરી નં-૪ , અમરેલી-૩૬૫૬૦૧

ક્રમ	અર્બન હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર માટે મકાન ભાડે રાખવા માટેના વિસ્તારના નામ
૧	વોર્ડ નં- ૧૧ અમૃતનગર

- મકાન ઉપરોક્ત દર્શાવેલ વિસ્તારમાં અને ગ્રાઉન્ડ ફ્લોરમાં હોવું જરૂરી છે.
- અર્બન હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર માટે ૨ (બે) થી ૩ (ત્રણ) રૂમ અને ટોઈલેટ હોવા જરૂરી છે.
- મકાન પેશન્ટ ફ્રેન્ડલી હોવું જરૂરી છે.
- મકાન સુધી સરળતાથી અવરજવર થઈ શકે તથા મકાન સુધી પહોંચવામાં કઈ પણ અડચણરૂપ ના હોવું જોઈએ
- પાણીની પુરતી સુવિધા હોવી જરૂરી છે.
- મકાનના દરેક રૂમમાં લાઈટ તેમજ પંખાની સુવિધા મકાન માલિકે કરવાની રહેશે.
- મકાનના તમામ વેરા, મકાન માલિકના શિરે રહેશે.
- મકાનમાં વીજમીટર અલગ હોવું જરૂરી છે.
- મકાનનો કરાર ૧૧ માસ માટે કરવામાં આવશે. ત્યારબાદ જરૂરીયાત મુજબ રીન્યુ કરવામાં આવશે.
- મકાનના રૂમ અને સુવિધાને ધ્યાને લઈને અર્બન હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર માટે મહતમ રૂ.૮૦૦૦/- સુધીની મર્યાદામાં ભાડું ચુકવવામાં આવશે.
- મકાનના ડોકયુમેન્ટ, મકાન દસ્તાવેજ, મકાન માલિકના આઈડેન્ટીટી પ્રૂફ વિગેરેની ઝેરોક્ષ કોપી અરજી સાથે જોડવાના રહેશે.
- **અરજી કરવા માટેનું ફોર્મ અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર અમરેલી-૧, લક્ષ્મી ડાયમંડ ગ્રાઉન્ડ ફ્લોર, સરદારનગર શેરી નં-૪ , અમરેલી- ખાતેથી રૂબરૂ મેળવી લેવાનું રહેશે.**
- અરજી પત્રકના કવર ઉપર અર્બન હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર માટે મકાન ભાડે આપવા માટેની અરજી " તેવું લખવાનું રહેશે.
- ઉપરોક્ત મકાન ભાડે રાખવાની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં અને મકાન ભાડે રાખવાની પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીના અભાધિત રહશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ નથી.
- અન્ય શરતો સરકારશ્રી દ્વારા જે નિયત થયેલ છે તે લાગુ પડશે.
- કમિટી દ્વારા સ્થળ તપાસ કર્યા બાદ આખરી નિર્ણય કમિટી નો રહેશે.

અર્બન હેલ્થ ઓફિસર
અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર અમરેલી-૧ સરદારનગર

જિલ્લા પંચાયત અમરેલી ૨૧૩-૨૪

જાહેર પ્રસિધ્ધીની નોટીસ

રાજુલાનાં મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા
દિ.પ.અ.નં.૧૦/૨૦૨૪.....મુ.તા.૧૫-૦૧-૨૦૨૪
અરજદારના વિ.વ. શ્રી એમ.જે.સૈયદ

અરજદાર : (૧) જુગ્ર.નાનાભાઇ જીવાભાઇ દાધડાના વારસો (૧) દુધીબેન નાનાભાઇ (૨) વાલીબેન નાનાભાઇ (૩) બાબાભાઇ નાનાભાઇ (૪) અમ્રુબેન નાનાભાઇ (૫) હંસાબેન નાનાભાઇ (૬) ભવતભાઇ નાનાભાઇ (૭) જયસુખભાઇ નાનાભાઇ નં.૧ થી ૫ તથા ૭ નાં કુ.મુ. તરીકે ભવતભાઇ નાનાભાઇ રહે. ઉંઘેથા તા.રાજુલા, જી.અમરેલી
વિરૂધ્ધ.....
સામાવાળા : (૧) શ્રી સરકાર વિ.-૩, રહે.રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

આથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવવામાં આવે છે કે,
મયાણે લખ્યા અરજદારે અત્રેની કોર્ટમાં દિવાની પરચુરણ અરજ દાખલ કરી જણાવેલ છે કે, લાગતા વળગતા ઇસમો તથા સંસ્થાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપર કહ્યા અરજદારે તેઓના વિ.વકીલશ્રી એમ.જે.સૈયદ મારફતે ઉપરોક્ત નંબરથી લેન્ડ રેફ.કેસ નં.૧૫૪/૨૦૧૬ માં થયેલ હુકમ મુજબ સરકારશ્રી દ્વારા કોર્ટમાં જમા થયેલ રકમ ચુકવી આપવા માટે દિ.પ. અરજી દાખલ કરેલ છે. તો જે કોઇને વાંધો તકરાર હોય તો મુ.તા.૧૫-૦૧-૨૦૨૪ ના સુધીમાં તેઓ જાતે અથવા તેઓના વકીલશ્રી કે મુખત્યાર મારફત જરૂરી આધાર પુરાવા સાથે વાંધાઓ આપવા સારૂ હાજર રહેવા જણાવવામાં આવે છે. અત્રે કોઇ વાંધો તકરાર રજુ નહી થાય તો યોગ્ય તે આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.
આજ રોજ તા.૦૫ મી માહે જાન્યુઆરી - સને. ૨૦૨૪ ના રોજ મારી તથા કોર્ટનો સિક્કો કર્યો.

તૈયાર કરનાર આર.સી.ચાવડા આસીસ્ટન્ટ | તપાસ કરનાર આર.સી.ચાવડા હિરસ્તેદાર | કોર્ટનો સિક્કો | હુકમથી એ.આર.ઝાલા રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ રાજુલા

જાહેર પ્રસિધ્ધીની નોટીસ

રાજુલાનાં મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા
દિ.પ.અ.નં.૧૧/૨૦૨૪.....મુ.તા.૧૫-૦૧-૨૦૨૪
અરજદારના વિ.વ. શ્રી એમ.જે.સૈયદ

અરજદાર : (૧) જુગ્ર. કાનાભાઇ મેઘાભાઇ દાધડાના વારસો (૧) સોનાબેન કાનાભાઇ (૨) રામભાઇ કાનાભાઇ (૩) હંસાબેન અરજણભાઇ (૪) જુગ્ર.નાથાભાઇ કાનાભાઇ વારસો ૪.૧ રંધાબેન નાથાભાઇ, ૪.૨ પારસબેન નાથાભાઇ, ૪.૩ વિપુલભાઇ નાથાભાઇ, ૪.૪ પાયલબેન નાથાભાઇ (૫) જુવાભાઇ કાનાભાઇ (૬) દુધીબેન કાનાભાઇ (૭) સમરજીબેન કાનાભાઇ (૮) રાજીબેન કાનાભાઇ નં.૨ થી ૩ તથા ૪.૧ થી ૪.૧ તથા નં.૫,૬,૭,૮ ના કુ.મુ. તરીકે સોનાબેન કાનાભાઇ રહે.ઉંઘેથા, તા.રાજુલા, જી.અમરેલી
વિરૂધ્ધ.....
સામાવાળા : (૧) શ્રી સરકાર વિ.-૩, રહે.રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

આથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવવામાં આવે છે કે,
મયાણે લખ્યા અરજદારે અત્રેની કોર્ટમાં દિવાની પરચુરણ અરજ દાખલ કરી જણાવેલ છે કે, લાગતા વળગતા ઇસમો તથા સંસ્થાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપર કહ્યા અરજદારે તેઓના વિ.વકીલશ્રી એમ.જે.સૈયદ મારફતે ઉપરોક્ત નંબરથી લેન્ડ રેફ.કેસ નં.૧૫૫/૨૦૧૬ માં થયેલ હુકમ મુજબ સરકારશ્રી દ્વારા કોર્ટમાં જમા થયેલ રકમ ચુકવી આપવા માટે દિ.પ. અરજી દાખલ કરેલ છે. તો જે કોઇને વાંધો તકરાર હોય તો મુ.તા.૧૫-૦૧-૨૦૨૪ ના સુધીમાં તેઓ જાતે અથવા તેઓના વકીલશ્રી કે મુખત્યાર મારફત જરૂરી આધાર પુરાવા સાથે વાંધાઓ આપવા સારૂ હાજર રહેવા જણાવવામાં આવે છે. અત્રે કોઇ વાંધો તકરાર રજુ નહી થાય તો યોગ્ય તે આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.
આજ રોજ તા.૦૫ મી માહે જાન્યુઆરી - સને. ૨૦૨૪ ના રોજ મારી તથા કોર્ટનો સિક્કો કર્યો.

તૈયાર કરનાર આર.સી.ચાવડા આસીસ્ટન્ટ | તપાસ કરનાર આર.સી.ચાવડા હિરસ્તેદાર | કોર્ટનો સિક્કો | હુકમથી એ.આર.ઝાલા રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનિયર સિવીલ કોર્ટ રાજુલા

નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી બગસરા

નં. એમએજી/વશી/રજી.નં.૧૪૩/૨૩
તા.૨૮/૧૨/૨૦૨૩

અરજદાર :- શ્રી શિંગાળા મનસુખભાઈ જીવાભાઈ રહે.બગસરા, જી.અમરેલી
અરજદારના વિ.વ.શ્રી રાજેશ એસ.દેશાણી
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા બગસરા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના બગસરા ગામના રહીશ શ્રી શિંગાળા રામજીભાઈ જીવાભાઈએ તેમની પુત્રી શ્રી શિંગાળા રસીલાબેન રામજીભાઈનો જન્મ તા.૧૬-૦૩-૧૯૬૮ નાં રોજ બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧-૦૧-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો | સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બગસરા

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

ક્રમ	થાપણના પ્રકાર ફી.ડી.	વ્યાજનો દર	ક્રમ	થાપણના પ્રકાર ફી.ડી.	વ્યાજનો દર
૧	૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી	૮%	૬	૪ વર્ષ ઉપર	૧૨.૫%
૨	૯૧ દિવસથી ૧૮૦ દિવસ	૯%	૭	૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ)	ડબલ
૩	૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી	૧૦%	૮	મંથલી બચત (૧૨ માસ)	૧૧%
૪	૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી	૧૨%			

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ
- ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

- બાયપાસ બ્રાન્ચ - સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝીન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
- બાબરા બ્રાન્ચ - સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
- ધારી બ્રાન્ચ - રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૬-૧-૨૦૨૪ શનિવાર

ભાજપ હવે નવી પસંદગીના નેતાઓમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને કેમ ચાલાકીથી અવગણે છે..?

ભાજપને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પડછાયાથી દૂર લઈ જવાનું કામ આસાન નથી. આ એક જિનેટિકલ ફાઈટ છે અને બધા માટે જરૂરી નથી કે સમજાય. જ્યારથી મોદીએ ભાજપનું સુકાન સંભાળ્યું છે ત્યારથી પક્ષના બંધારણમાં અને વિચારધારામાં સતત પરિવર્તન ચાલુ રાખ્યું છે. વડાપ્રધાન થયા પછી પણ પોતાના મહત્ત્વનિર્ણયોને સમય સાથેના રિલેવન્સથી તેમણે જોખી-પ્રમાણીને તેમણે ટાઈમ એલિમેન્ટનો રાજવિદ્યાવિનિયોગ તો કર્યો છે પરંતુ હજુય તેમના પોતાનામાં સંઘના પડ્યા પડતા રહ્યા છે.

સંઘના પ્રભુતુવથી મુક્ત રહેવું અને સંઘની મદદથી જ સત્તામાં ટકી રહેવું આ દ્વિદળીય કૌશલ નરેન્દ્ર મોદી જાણે છે. હવે તેમણે પોતાની રાજકીય કારકિર્દી અસ્તાચળને આરે પહોંચે એ પહેલા નવા એક અધ્યાયની શરૂઆત કરી છે અને એ છે ભાજપમાંથી શકયતઃ સંઘની બાદબાકી કરવી. અઘરું છે પણ આ નીતિ તેમણે હવે અખત્યાર કરી લીધી છે. ભાજપમાં સંઘનો જ વંશવેલો છે અને નળિયાંથી નળિયા સુધી રહેવાનો છે. પરંતુ સંઘ સિવાયનો ઈતિહાસ ધરાવતા નેતાઓને અગ્રતા મળવા લાગી છે.

ભાજપના આંતરિક સૂત્રો તાજેતરના કેટલાક આશ્ચર્યજનક નિર્ણયો પાછળ હાઈકમાન્ડના ઈરાદા તરફ ઈશારો કરે છે કે તે ઈચ્છે છે કે જેને પસંદ કરે તે પોતાને અને ભાજપને એટલા વફાદાર રહે કે સંઘનું તેમના પર ઓછું નિયંત્રણ હોય. ભાજપ શા માટે એક મજબૂત સંગઠન તરીકે ઓળખાય છે તે પ્રશ્નના ઘણા જવાબો આપી શકાય છે. પરંતુ પાર્ટી પાસે સૌથી મુખ્ય તાકાત શિસ્ત હોવાનું કહેવાય છે.

શા માટે? આનો જવાબ આપણે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં મુખ્યમંત્રીના નામોની પસંદગી અંગેના પક્ષના તાજેતરના નિર્ણયો પરથી સમજી શકીએ છીએ, જ્યાં પાર્ટીએ ઘણા વરિષ્ઠ નેતાઓને બદલે નવા નામોને પ્રાધાન્ય આપ્યું અને કોઈએ 'ઉંહ' પણ કહ્યું નહીં. આ મનઘડંત મોજીલા નિર્ણયો અને ઘટનાઓ દર્શાવે છે કે કેવી રીતે વડાપ્રધાન મોદીએ ભાજપના સંગઠન પર કબજો જમાવ્યો છે. મોજીલા એટલે પોતાને મોજ પડે એવા.

એવું નથી કે ભાજપે અચાનક સંગઠનમાં નેતાઓની વફાદારીનો આટલો મજબૂત આધાર ઉભો કર્યો છે. તેના બદલે, એવું માનવામાં આવે છે કે ઈ. સ. ૨૦૧૪ થી, પીએમ મોદી અને ભાજપે પક્ષના નેતાઓનો વફાદાર આધાર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઘણી વખત મોટા રાજનેતાઓ જનાધાર બનાવવામાં એટલા ડૂબી જાય છે કે પોતાની બીતરની બધી કેડર ખતમ થઈ જાય છે. ભાજપની આ રણનીતિ સફળ રહી અને પાર્ટીને અલગ-અલગ રીતે તેનો ફાયદો મળ્યો.

લોકસભામાં એક પ્રશ્નનો જવાબ આપતી વખતે કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિએ કહ્યું હતું કે અમારા વડાપ્રધાનથી પ્રેરિત અમારી સરકાર ઘરવિહોણા લોકોને ઘર આપે છે. મને જુઓ, હું એવા પરિવારમાંથી આવું છું જેના માથા પર છત નહોતી. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ મારા જેવી વ્યક્તિને અહીં ઊભા રહીને હાઉસિંગ પ્રોજેક્ટ પર પ્રશ્નોના જવાબ આપવાની તક આપી.

કેન્દ્રીય મંત્રીની આ ટિપ્પણી પરથી સમજી શકાય છે કે તેમના નેતાઓને તેમના પ્રત્યે કેવી વફાદારી છે. એક અલગ અને ઊંચા અનુભવની દુનિયામાં મોટી પોતાની પછીની પેઢીને લઈ જઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે પાર્ટી વધુ પડતો અવાજ કરનાર નેતા પર ધ્યાન આપતી નથી પરંતુ શાંતિથી અને વ્યૂહાત્મક રીતે કામ કરનાર નેતા પર ધ્યાન આપે છે. વડાપ્રધાન મોદી સંગઠનમાં લોકતાંત્રિક ભાવનાને પ્રોત્સાહન આપવાની વાત કરી રહ્યા છે પણ એ ભાવના એમને જ માણવા મળે છે જેઓ દ્વિમુખી હાઈકમાન્ડની ફ્રિમ જોન સ્ટાઈલને સ્વીકારે.

બીજેપી હેડક્વાર્ટર ખાતે દિવાળી મિલન કાર્યક્રમમાં બોલતા પીએમએ કહ્યું હતું કે, હું માનું છું કે રાજકીય પક્ષોમાં સાચી લોકતાંત્રિક ભાવનાનો વિકાસ માત્ર દેશના ભવિષ્ય માટે જ નહીં પરંતુ લોકશાહી માટે પણ જરૂરી છે. પરંતુ પીએમના આ નિવેદનથી વિપરીત રાજ્ય સરકારોની સત્તા પોતાના હાથમાં લેવા બદલ કેન્દ્રીય નેતૃત્વની ટીકા થઈ રહી છે.

ઘણીબધી બાબતો એવી છે કે જેના નિર્ણયો સંબંધિત મંત્રાલયના વડા તરીકે જે તે પ્રધાનો એ લેવાના હોય પરંતુ એ બધા નિર્ણયો પણ વડાપ્રધાનના કાર્યાલય માંથી લેવામાં આવે છે આમાં કોઈ નવી નવી વાત નથી કારણ કે આ બધું તો આપણા દેશમાં છેક હિન્દી રાજ્યના સમયથી થતું આવ્યું છે આર્થિક વિકાસના સંદર્ભમાં જેના વારંવાર વખાણ કરવામાં આવે છે તેવા તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહ પણ લગભગ મંત્રાલયોના મહત્ત્વના નિર્ણયો પોતાની ઈચ્છા પ્રમાણે જ લેવરાવતા હતા.

ત્યારે કોઈને એમાં એકાધિકારવાદ દેખાતો ન હતો. વડાપ્રધાન મોદી જે નિર્ણયો પ્રધાનોને બદલે પોતે લે છે એમાં સતત એકાધિકારનો ડંકો વાગતો રહ્યો છે. લકીકતમાં વિઝન બોર્ડ અને રોડમેપ આ બે વસ્તુ મોદી પોતાના હાથમાં રાખે છે અને દરેક નિર્ણયને એના પરિપ્રેક્ષ્યમાં તપાસીને પછી જાહેર કરે છે.

૪૦ વિઘા જમીન પુચ્છયા વિના ખરીદ કરેલ હોય તેથી ખેતી કામ કરવા માટે

ચલાલાના પાદરગઢમાં ૨૧ લાખની ખંડણી માંગી

પાદરગઢના રણજીતવાળાએ પુછયા વગર જમીન કેમ ખરીદી અને ખેતીકામ કરવા ખંડણી માંગી નુકશાન કરવા ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) ધારીતાલુકાના પાદરગઢ ગામનીસીમમાં ગોંડલ તાલુકાના વાછરા ગામે રહેતા નરેશભાઈ મગનભાઈ જેતાણી ઉ.વ. ૩૩એપાદરગઢ ગામનીસીમમાંખેતીની જમીન ૪૦વીઘા વેચાતી રાખેલ હોય. જે જમીન અંગે પાદરગઢના રણજીત ભરતભાઈ વાળાએ મોબાઈલમાં ફોન કરી પોતાની ઓળખ આપી ખરીદેલ જમીન તેને પુછ્યા વગર ખરીદ કરેલ હોય. જેથી તે જમીનમાં ખેતીકામ કરવા માટે રૂ./.૨૧ લાખની ખંડણીમાંગેલહોય. અને તે ખંડણી નહી આપે તો ખેતીકામ કરવાનહીંદેઅનેતેનીજમીનમાંનુકશાન કરશે તેવી ધમકી આપેલ હોય. અને રણજીતે નરેશભાઈ પાસેથી બળજબરીથી નાણા કઢાવવાનું ગુન્હાહીત કાવતરું રચી ખેતરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી કામ કરતા ભાગીયાતથામજુરોનેગાળોબોલીખેતર મુકીનેજતારસેવાધમકીઆપીઓરડીનો એક કેમેરો તોડી રૂ/.૧૫૦૦ નુંનુકશાન કરેલ હોવાની નરેશભાઈને શંકા હોય. તેમજ અવાર નવાર અલગ અલગ તારીખ અને સમયે વાડીમાં કામ કરતા મજુરોને વાડી મુકીને જતા રહેવા ધમકી આપ્યાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જન્મદિવસ ઉજવવાની ના પાડી ઠપકો આપતા

રાજુલાના યુવાને ધાતરવાડી ડેમમાં ઝંપલાવ્યું

પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) રાજુલાબીડીકામદાર સોસાયટીમાંરહેતા રાજુભાઈ હુસેનભાઈ જોખીયા ઉ.વ. ૨૦નેતા. ૧-૧-૨૪ નાસાંજના ૭વાગ્યે પિતાએ રાજુભાઈને તેનો જન્મદિવસ નહી ઉજવવા ઠપકો આપતા પોતાને મનમાં લાગી આવતા ધાતરવડી -૨ સિંચાઈ યોજનાના ડેમમાં પોતે પોતાની મેળે પડી જતા પાણીમાંડુબીજવાથીમોત નિપજયાનું હુસેનભાઈ જોખીયાએ રાજુલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

કરકોલીયા નજીક રીક્ષાએ બાઈકને હડફેટે લેતા પ્રૌઢને ઈજા

જમણા પગમાં અને માથાના ભાગે નાની મોટી ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી,લાઠી તાલુકાના કરકોલીયા વિરપુર રોડ વચ્ચે વિરપુર ગામના તળાવ પાસે બાબરા તાલુકાના દરેડ ગામના ગોવાભાઈ પુંજાભાઈ શીરોળીયા ઉ.વ. ૫૮ પોતાનું પ્લેટીના બાઈક જી.જે.૦૩ બી ક્યુ.૮૦૧૭ લઈને કરકોલીયાથી વિરપુર લગ્નમાં જવા નીકળેલ . ત્યારે વિરપુર જવાના રોડે આવેલ તળાવ પાસે પહોંચતા બજાજ કંપનીની રીક્ષા જી.જે. ૧૪ વાય. ૧૧૧૭ ના ચાલકે પુરઝડપે અને બેકીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી જમણા પગે ગંભીર ઈજા કરી જેમાં ગોવાભાઈને પગ કપાવવો પડેલ હોય . તથા જમણા હાથે અને માથાના ભાગે નાની મોટી ઈજાઓ કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બગસરામાં પશુઓની હેરાફેરી કરતી છકડો રીક્ષા ઝડપાઈ

ત્રણ શખ્સોને રીક્ષા અને ત્રણ પશુ મળી રૂા.૨૯ હજારનો મુદામાલ કબ્જે

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) બગસરા ટાઉન કળશ સર્કલ પાસે કાદર અલારખભાઈ કાળવાતર, મહેબુબ ખાટકી, જાળીયાના રાજુદેવીપુજકછકડો રીક્ષામાં ત્રણ પાડા દોરીથી ખીચોખીચ બાંધી કતલ કરવાના ઈરાદે નીકળતા એ.એસ.આઈ. મેહુલભાઈ બાલસરાએ રીક્ષા અને પશુઓ મળી રૂ/ .૨૯,૦૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

અમરેલીમાં વ્યાજે લીધેલ નાણા વ્યાજ સહિત ચુકવી આપવા છતા પણ પઠાણી ઉઘરાણી કરી

એક મહિલા સહિત બેએ પૈસાની ઉઘરાણી કરી ધમકી આપ્યાની ફરિયાદ દાખલ

અમરેલી,અમરેલી ચાંદની ચોકમાં બહારપરામાં રહેતા એજાજભાઈ શાહમહમદભાઈનાગાણીઉ.વ. ૪૩ની દિકરીના દવાખાનાના કામે પૈસાનીજરૂર હોવાથી સમીર ઉર્ફે ભુરાભાઈ અબ્દુલભાઈ બીલખીયા , જમીલાબેન અબ્દુલભાઈ બીલખીયા પાસેથ વ્યાજે રૂ/.૫૦હજાર લીધેલ હતા. જે કટકે કટકે રૂ/.૯૩,૩૦૦ પરત આપેલ હોવા છતા વધુ પૈસાની ઉઘરાણી કરી ગાળો બોલી ધમકીઆપ્યાની અમરેલીસીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ભાડેરથી લુંઘીયા વચ્ચે મોબાઈલ ચોરાયો

અમરેલી,બગસરા તાલુકાના ભાડેરથી લુંઘીયા ગામ વચ્ચે ઋતિબેન ઉમેશભાઈ પારેખ રહે. સાવરકુંડલા ભાડેર પોસ્ટ ઓફીસનું કામ પતાવી એસટી બસમાં લુંઘીયા ગામે પોસ્ટ ઓફીસ સુધીમાં પોતાનીબેગમાંરાખેલવનપ્લસ નોર્ડસીટુ રૂ.૧૫હજારનીકિંમતનોમોબાઈલકોઈ ચોરી ગયાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

તાલાળી ગામે યુવાન ઉપર હુમલો

અમરેલી,વડિયાના તાલાળી ગામે મુકેશભાઈવિઠલભાઈસોલંકીઉ.વ. ૨૭ ના ઘરે લગ્ન પ્રસંગ હોય જેથી ટેપ વાગતું હતું. રાજુ મનજીભાઈ અને તેના પત્નિ શાભાબેનસોલંકીએઝોરથીટેપકેમવગાડો છોતેવું કહી ગાળો બોલી જમણા નેણ પાસે પથ્થરનો ઘા મારી ઈજા કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલીના માચીયાળા ગામે સ્કુટીને ફોરવ્હીલે હડફેટે લેતા વૃધ્ધને ઈજા

સ્કુટી સાથે ભટકાવી મહિલાને પછાડી વૃધ્ધને તેમજ મહિલાને ઈજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,અમરેલી તાલુકાના માચીયાળા ગામે બસસ્ટેન્ડ રોડ ઉપર મોટા આંકડીયા ગામના લધુભાઈ છાનાભાઈ વાળાઉ.વ. ૭૨ પોતાનું સ્કુટી લઈને જતા હતા ત્યારે ફોરવ્હીલ સ્વીફટ ડીઝાયર ૭૭૦ના ચાલકે પુરઝડપેબને બેકીકરાઈથી ચલાવી સ્કુટી સાથે પાછળથી ભટકાવીલધુભાઈનેતેમજકાંતાબેનનેપછાડી દઈ લધુભાઈને માથામાં જમણા પગે અને ગોઠણમાં તેમજ કાંતાબેનને ડાબા હાથે અને કમરના ભાગે ઈજાઓ કરી નાસી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ધારીમાં હોટલના માલિકોએ પથીક સોફ્ટવેરમાં ગ્રાહકોની એન્ટ્રીઓ નહી કરતા ગુનો નોંધાયો

એસઓજી પોલિસે બે હોટલ માલિકો સામે એન્ટ્રીઓ નહી નિભાવતા ફરિયાદ નોંધી

અમરેલી,ધારીમાં હીમખીમડી પરામાં રહેતા દેવરાજભાઈ મગનભાઈ હડેતરાએ તેમજ ધારી અંજતા સોસાયટીમાં રહેતા અનિલકુમાર મણીલાલ જસાણીએ કલેકટર તથા જીલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી તરફથી આપવામાં આવેલ હોટલના માલિકે ગ્રાહકની રજીસ્ટ્રર એન્ટ્રીની સાથે દરેક હોટેલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું કમ્પ્યુટર રાખીજેમાંપથીકસોફટવેરમાંપ્રોગ્રામફોર એનાલીસીસ ઓફ ટ્રાવેલર એન્ડ હોટેલ ઈન્ફોર્મેટીકઈન્સ્ટોલ કરાવીરજીસ્ટરમાં થતી એન્ટ્રીઓ પથીક સોફ્ટવેરમાં નહી નિભાવી જાહેરનામાનો ભંગ કરતા અમરેલી એસઓજીના એ.એસ.આઈ. જે.આર. મહેતાએધારીપોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

વડીયાની સીમમાં ભારતીય બનાવટનાં વિદેશી દારૂની ફુલ ૩૭૫ બોટલો ઝડપાઇ

સવા લાખ ઉપરાંતનો મુદામાલ કબ્જે લીધો

અમરેલી, અમરેલી એલ.સી.બી. પોલીસઈન્સ.એ.એમ.પટેલનીરાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈ કાલ તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, વડીયા ગામની સીમમાં જગદીશ બાબુભાઈ હરખાણીની વાડીએ આવેલ ગોડાઉનમાં હેરરાજ ઉર્ફે ભયલુ ભાભલુભાઈ વાળા એકબીજાના મીલાપીપણાથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરે છે. જેમળેલબાતમીહકિકતઆધારેરેઇડ કરતા એક ઈસમને ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડી, પકડાયેલ આરોપી હેમરાજ ઉર્ફે ભયલુ ભાભલુભાઈવાળા તથા સંડોવાયેલ પકડવાના બાકી આરોપી જગદીશ બાબુભાઈ હરખાણી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદામાલ આગળની કાર્યવાહી થવા વડીયાપોલીસસ્ટેશનમાંસોંપીઆપેલછે.

ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

આજનું પંચાગ

તા.૬.૧.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦, માગશર વદ દશમ, સ્વાતિ નક્ષત્ર, ધ્રુતિ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે.

અંગ્રેજી અક્ષર 'બી' થી શરુ થતા મિત્રો માટે વર્ષ ૨૦૨૪



હાલમાં આપણે નામના પ્રથમ અક્ષર પરથી વર્ષ ૨૦૨૪ વિષે વાત કરી રહ્યા છીએ. જે મિત્રો નું નામ અંગ્રેજી અક્ષર 'બી' થઈ શરુ થતું હોય તેમણે વર્ષ ૨૦૨૪ માં ઘણા ફેરફાર જોવાના આવશે. ખાસ કરીને તેમને ઘણી વાર એવો અહેસાસ થશે કે તેમની લાગણીઓનો દુરુપયોગ થાય છે તેમને વર્ષ ૨૦૨૪ માં વધુ વ્યવહારુ બનવું પડશે. એપ્રિલ પછી ઘણા સારા બનાવો તેમની રાહ જોઈ રહ્યા છે! વિવાહયોગ્ય મિત્રો ને પણ એપ્રિલ પછી સારું રહેશે અને કેરિયરમાં પણ સારી તકો સામે આવશે. આર્થિક બાબતમાં ધીમી પ્રગતિ થશે. કોઈ લોન અગાઉ લીધેલી હોય તો ધીમે ધીમે ભરપાઈ કરી શાખો. જીવનમાં આવતા પાત્રો બાબત વધુ સતર્ક રહેવાની જરૂર રહેશે. આ વર્ષે તમારે વ્યક્તિગત જીવન અને વ્યવસાયિક જીવન વચ્ચે સંતુલન કેળવવું પડશે. જમીન મકાન વાહન સુખ સારું રહેશે. મિત્રો ની મદદ થી તમારા કાર્ય માં પ્રગતિ સાધી શકશો. આ વર્ષે તેમે સારી જગ્યાએ ફરવા જઈ શકશો અને સારી ઉર્જા મેળવી શકશો. પરિવાર અને કુટુંબનો સાથ સહયોગ પ્રાપ્ત થશે. એકંદરે વર્ષ ૨૦૨૪ તમારા માટે કેટલાક મિશ્ર પરિણામ લઈને આવી રહ્યું છે.

મેષ (અ,લ,ઈ) : જ્ઞાનેશ્વરીજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસ ના ચાલવું.
મિથુન (ક,છ,ઘ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
કર્ક (ડ,હ) :જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ) : બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.
તુલા (ર,ત) : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કેક કરી બતાવી શકો.
વૃશ્ચિક (ન ,ય) : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય , સિફત થી કામ લેવું ગુસ્સા માં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .
ધન (ધ ,ભ ,ફ ,ઢ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
મકર (ખ ,જ) : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,રચનાત્મક પ્રવૃત્તિ કરીશકો.
કુંભ (ગ ,સ,શ) : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.
મીન (દ ,ચ ,ઝ ,થ): અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય,ઘાયાં કામ પાર પાડી શકો.

અમરેલી ગજેરા કેમ્પસમાં કેન્સર નિદાન કેમ્પ યોજાયો

લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલના સંયુકત ઉપકમે આયોજન

અમરેલી,શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ અમરેલી અને લાયન્સ કલબ ઓફ અમરેલીરોયલઆયોજિતસ્ત્રીઓનેગર્ભાશય અને બ્રેસ્ટ કેન્સર નિદાન કેમ્પનું વિનામૂલ્યે તપાસનું આયોજન થયુ હતું. જે રોટરી કલબ ઓફ ચીખલી રિવરફ્રન્ટ તથા આલીપોર સોસીયલ વેલ્ફેર ટ્રસ્ટ અને રોટરી કલબ ઓફ અમરેલી ગીર તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા અત્યાધુનિક મશીનની મદદથી અમરેલીના ૨૧૦ બહેનોનીવિનિષ્ઠતપાસકરી જરૂરીમાર્ગદર્શનઆપવામાંઆવ્યુહતું.જેઓક રીપોર્ટનોઅંદાજિતખર્ચા ૨૦૦૦થી ૧૭૦૦૦ થતો હોય છે. તે તમામ રીપોર્ટ તદન નિઃશુલ્ક કરીઆપવામાંઆવેલઅનેઆગામી ઈલાજ કરવાનોઘાયતોતેપણવિનામૂલ્યેકરીઆપવાનું આરોગ્યલક્ષીસુંદરઅનેસફળપ્રોસીયાકાર્યનું આયોજનથયું.ઉપરોકતકેમ્પનેસફળબનાવવા માટે લાયન કલબ પ્રમુખશ્રી દિલ્યેશભાઈ વેકરીયા, લાયન રિતેશભાઈ સોની, લાયન અરૂણભાઈ ડેર, લાયન ધર્મેશભાઈ વિસાવળીયા, લાયન રોહિતભાઈ મહેતા, લાયનરાજુભાઈ ગઢીયા, રોટ, અબરીશભાઈ રાજયગુરૂ સંસ્થાના ટ્રસ્ટીશ્રી ચતુરભાઈ ખુંટ, સંસ્થાના ડાયરેકટરશ્રી લાયન વસંતભાઈ પેથાણી જહેમત ઉઠાવી હતી. આ તકે આચાર્યશ્રીઓ અને સ્ટાફગણ ઉપસ્થિત રહી જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરાએ આરોગ્ય ક્ષેત્રે આવા સરસ નિદાન કેમ્પના આયોજન બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

અમરેલી નૂતન કોમર્સ કોલેજનું એસવાય બીકોમનું ઉજ્જવળ પરિણામ

ત્રણ વિદ્યાર્થીનીઓએ એક થી ત્રણમાં સ્થાન મેળવ્યુ

અમરેલી,અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલીત નૂતન કોમર્સ કોલેજના એસ.વાય.બી.કોમ.સેમેસ્ટર-૩માંકોલેજે પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓ (૧)- દેવકુબેનમલુભાઈ ભેડા૭૧.૧૪%(૨)- માહીન અંજુમભાઈ તાજાણી ૯૮.૨૮%(૩) -હિરલબેન દિનેશભાઈ જાદવ૭૮.૧૪%તથાબી.કોમ.સેમેસ્ટર-૩ માં ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને કોલેજસ્ટાફ તથા અમરેલી કેળવણીમંડળ ટ્રસ્ટી ગણના ખૂબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રાજુલા તાલુકાનાં રેવન્યુ તલાટી મંત્રીઓ-નાયબ મામલતદારોની ખાલી જગ્યાઓ ભરવાની માંગણી

રાજુલા વિદાનસભા યુવક કોંગ્રેસનાં પ્રમુખ અજય શિયાળ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી

રાજુલા,અમરેલી જિલ્લાનાં રાજુલા અને જાફરાબાદ બંને તાલુકાઓમાં ખેતી ની સાથોસાથ ઔધોગિક એકમો અને મીઠા ઉદ્યોગ પણ આવેલ છે જેનાં કારણે અહિયાં રેવન્યુ તલાટી મંત્રીઓ પાસે અન્ય વિસ્તાર કરતાં કામગીરી વધુ હોય છે. રાજુલા તાલુકા માં ૭૨ જેટલા ગામો આવેલા છે અહિયાં ૧૭ રેવન્યુ ગ્રુપ આવેલ છે અને મહેકમ મુજબ ૧૭ જગ્યાઓ છે જ્યારે તેની સામે હાલ ૬ રેવન્યુ તલાટી મંત્રી અહીંયા ફરજ બજાવી રહ્યા છે ૧૧ જગ્યાઓ ખાલી પડી છે તેનાં કારણે એક રેવન્યુ તલાટી મંત્રી પાસે ૨-૩ રેવન્યુ ગ્રુપનાં ગામો આપવામાં આવેલ છે બીજી તરફ જાફરાબાદ તાલુકામાં મહેકમ મુજબ કુલ ૮ રેવન્યુ તલાટી મંત્રીમીજગ્યાઓછે જેનીસામે હાલ ૨ જ રેવન્યુ તલાટી મંત્રી અહીંયા ફરજ બજાવી રહ્યા છે હાલ ૬ જગ્યાઓ ખાલી છે આમઆપંનેતાલુકાઓમાંરેવન્યુતલાટીમંત્રી ની જગ્યાઓ ખાલી રહેવા નાં કારણે અન્ય રેવન્યુ તલાટી મંત્રીઓને વધારાની વાબાદારીસોંપવામાંઆવેલ છે તેનાં કારણે અરજદારો અને કચેરી નાં સમયસર કાર્યો થઈ શકતાં નથી કારણકે મોટા ભાગનાંરેવન્યુ તલાટી મંત્રી નોટિસ બજવણી, તપાસ, રોજકામ,પંચરોજનસહિત નીફિલ્ડ કામગીરી માં જ વ્યસ્ત રહે છે જેનાં કારણે સમયસર કામગીરી થઈ શકતી નથી. રેવન્યુ તલાટી મંત્રીઓ માંથી નાયબ મામલતદાર તરીકે બઢતી થતાં રાજય નાં મોટા ભાગ નાં તાલુકાઓમાં રેવન્યુ તલાટી મંત્રીઓની જગ્યાઓ ખાલી પડેલ છે. જે માટે વહેલી ટેક ભરતી પ્રક્રિયા હાથ ધરવા ની માંગ સાથે મુખ્યમંત્રીશ્રી પત્ર લખ્યો હતો. આગામી દિવસોમાં સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાંઆવેછે કેનહીંતેનોઆવનારોસમય જબતાવશે.

સૌરાષ્ટ્ર વિકાસ પરિષદનું અધિવેશન મોકુફ

અમરેલી, રાજકોટમાં સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ દ્વારાતા. ૬ નેશનિવારસંમેલનશ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી રાઘવજીભાઈ પટેલ,શ્રી કુવરજીભાઈ બાવળીયા, શ્રી રામભાઈ મોકરીયાની ઉપસ્થિતિમાં યોજાનાર હતું તે સંમેલન અનિવાર્ય સંજોગોને કારણે હાલતૂર્ત મુલતવી રાખવામાં આવેલ છે. નવી તારીખ હવે પછી જાહેર કરાશે તેમ મહામંત્રી દિલસાદભાઈ શેખે જણાવ્યું છે.

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

કપાસ ૯૯૦ થી ૧૪૪૪ મગફળી ૧૦૦૦ થી ૧૩૬૧

અમરેલી માર્કેટ યાર્ડ
શિંગમઢડી-૮૦૦-૧૨૬૦
શિંગમોટી-૧૦૦૦-૧૩૬૧
અડદ-૧૬૫૦-૧૭૬૫
તલસફેદ-૧૮૦૦-૧૨૫૧
બાજરો-૪૩૩-૫૦૬
ઘઉંટુકડા-૪૬૫-૬૫૨
ઘઉંલોકવન-૫૦૦-૫૮૬
એરંડા-૧૦૦૦-૧૧૧૮
ચણા-૮૬૭-૧૦૫૫
કપાસ-૯૯૦-૧૪૪૪
ગમગુવાર-૯૪૦-૯૪૦
મેથી-૧૦૦૫-૧૨૦૦
ઘાણા-૧૧૦૦-૧૩૨૦
સોયાબીન-૮૧૦-૯૦૦
તુવેર-૧૦૦૦-૧૮૬૧
મરચાલાંબા-૧૦૦૦-૩૧૨૧
અમરેલી શાકભાજી
બટેટા-૨૧૦-૨૯૦
રીંગણા-૩૮૦-૪૮૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૨૫૦-૩૦૦
ટમેટાં-૧૫૦-૨૦૦
સુરણ-૬૫૦-૭૦૦
ગાજર-૩૦૦-૪૦૦
દુધી-૧૨૦-૨૨૦
કારેલા-૭૫૦-૮૦૦
ગલકા-૬૦૦-૭૫૦
કાકડી-૫૫૦-૬૦૦
ગુવાર-૧૧૫૦-૧૩૫૦
ચોળાલીલા-૫૦૦-૬૦૦
તુરીયા-૮૫૦-૯૫૦
ભોડો-૦૦-૬૭૦
આદુ-૨૦૫૦-૨૩૦૦
કોથમીર-૧૨૦-૨૨૦
મેથીભાજી-૪૦૦-૫૦૦
ટીંડોરા-૬૦૦-૭૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૬૦૦-૭૦૦
લસણસુકું-૩૦૦૦-૪૦૦૦
લીંબુ-૬૫૦-૭૫૦
પાલક-૩૨૦-૪૩૦
રાજુલાયાર્ડ
બાજરો-૪૩૬-૫૨૫
જુવાર-૫૮૨-૧૨૭૬
ઘઉં-૪૬૦-૬૫૧
તલકાળા-૨૮૦૦-૮૮૨૫
ચણા-૬૧૧-૧૨૪૫
સોયાબીન-૮૦૦-૮૬૧
શીંગ-૧૭૭૦-૧૭૭૦
તલસફેદ-૨૮૦૧-૩૨૦૦
અડદ-૧૦૦૦

અમરેલીમાં જીલ્લાના દેનાબેંકના નિવૃત કર્મચારીઓનું ભવ્ય સ્નેહ મિલન યોજાયું

અમરેલી મુકબધિર શાળામાં ભાવનગરથી જનરલ સેકેટરી શ્રી મહેતા તેમજ હોદેદારોની ઉપસ્થિતિ

અમરેલી,
અમરેલી જીલ્લા દેનાબેંકના નિવૃત કર્મચારીઓ એમ્પલોઈઝ એસોસીએશનના સભ્યોનું અમરેલી લાઠી રોડ મુકબધિર શાળામાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભાવનગરથી જનરલ સેક્રેટરી પી.વી. મહેતા , પ્રમુખ પી.આર. પારેખ, ઉપપ્રમુખ ટી.જી. કાબાબાર, આ. સેક્રેટરી પી.કે. ઠોંગા, મધુભાઈ અજાગીયા, બીઓબીના મેનેજર શ્રીરાઠવા, હરુભાઈ બાટવીયા, સહિતના મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ.૭૫ વર્ષ પુર્ણ કરનાર સભ્યોનું પુષ્પગુચ્છ અને સાલથી સન્માનિત કરેલ હતા. આપ્રસંગેતમામ સભ્યોને પી.વી. મહેતાએ નુતન વર્ષની શુભકામનાઓ પાઠવતા વર્તમાન સમયની માહિતિથી અવગત કર્યા હતા. આ કાર્યક્રમમાં અમરેલીના કવિ લેખક અને કેળવણીકાર રવજીભાઈ કાચાના પ્રેરણાત્મક ઉદબોધનથી તમામ સભ્યોને એક નવી ઉર્જાનો સંચાર થયો હતો.અને નિવૃતિ પછીનું જીવન સાર્થક કેમ કરવું તે વિશે ઘણી માહિતિ ઉદાહરણ દ્વારા પુરી પાડી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ તમામ સભ્યોને સ્મૃતિભેટ આપવામાં આવેલ. જેના મુખ્ય યજમાન નિવૃત સ્ટાફના જગદીશભાઈ ભંડેરી, મહેન્દ્રભાઈ જસાણી યુ.એસ.એ. તથા નરેન્દ્રભાઈ મકવાણા હતા.કાર્યક્રમને સફળ બનાવવા પી.કે. ઠોંગા, મધુભાઈ અજાગીયા, હરુભાઈ બાટવીયા જહેમત ઉઠાવી હતી.

ગોટાવદરમા પ્રેમ ધામ મંદિરે સંતવાણી યોજાઇ

ગોઢાવદર,લીલીયાના ગોઢાવદર માઇમેઘામ મંદિર ખાતે ઉગમ ફોજ ગુરૂ વંદના કાર્યક્રમ શ્રી નીરુબાપુ સાનિધ્યમા સંતો મહંતો ના સાન્નીધ્ય કરવામા આવ્યા અને આવેલ મહેમાનોનુ સ્વાગત કરવામા આવેલ હતુ. કાર્યક્રમઅબાદ ભક્તિરસકાર્યક્રમ રાખવામાં આવેલ કલાકાર જગુનાથ બાપુ હાકલ વાળા નીટીમ રમઝટ ભોલાવીહતી. બોડીયા થી શ્રી ભરત નાથજી, સાવર કુંડલાના દાસબાપુ, કેતનભાઈ શિંગાળા, તથાઆજુબાજુનાભક્ત ગણ ઉપસ્થિત રહ્યાહતા. આજુબાજુના નામી અનામી કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

VGGS-૨૦૨૪ માટે ગાંધીનગર સજ્જ

'સેન્ટ્રલ વિસ્ટા' ને વાઈબ્રન્ટ પેટર્નની વિવિધ થીમ આધારિત રોશનીથી શણગારાયું

ગાંધીનગરનો 'સેન્ટ્રલ વિસ્ટા' રાત્રે બન્યો સેલ્ફી પોઈન્ટ

ગાંધીનગર,
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને તેમજ દેશ-વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ભવ્ય શુભારંભ થવા જઈ રહ્યો છે ત્યારે સૌને આવકારવા ગાંધીનગર સંપૂર્ણ સજ્જ બન્યું છે.
વડાપ્રધાનશ્રી સહિતના મહેમાનોના સ્વાગત માટે ગુજરાતની રાજધાની ગાંધીનગરને દુલ્હનની જેમ સજાવવામાં આવી રહ્યું છે. જેમાં ગાંધીનગરના હાર્ટસમા વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીના સેન્ટ્રલ વિસ્ટાને રાત્રે વાઈબ્રન્ટ-તિરંગા સહિતની વિવિધ થીમ આધારિત રોશની-લેઝર લાઈટથી શણગારવામાં આવ્યું છે જેના પરિણામે સેન્ટ્રલ વિસ્ટા નગરજનો માટે સેલ્ફી પોઈન્ટ બન્યો છે.

તાતણિયાના બાળકો માટે પ્રાકૃતિક શિબિર યોજાઇ

